ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૨૩/3598-3631
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૫/૧૦/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,(તમામ)
ગુજરાત રાજ્ય

વિષય : કમ્પ્યુટર અધ્યયન વિષયની "ફી" બાબત.

સંદર્ભ : (૧) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક:મઉમશબ/હ/સંશોધન/૨૬૨૫૦ તા.૨૦/૦૫/૨૦૦૪
(૨)બોર્ડની તા.03/૧૦/૨૦૨૩ના રોજ મળેલ કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક:૬૬૮/૨૦૨૩

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓ કમ્પ્યુટર વિષય રાખવા માંગતા હોય તે વિદ્યાર્થીઓએ
અત્રેની કચેરીના સંદર્ભ-૧ દર્શિત પત્ર અન્વયે માસિક રૂા-૫૦/- 'ફી' વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી હતી.
ઉક્ત ફી માં વધારો કરવા બાબતે ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળની રજૂઆત અત્રે મળેલ હતી જે
અન્વયે તા.03/૧૦/૨૦૨૩ના રોજ મળેલ બોર્ડની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક:૬૬૮/૨૦૨૩ થી કમ્પ્યુટર
અધ્યયન વિષય રાખવા ઇચ્છતી નોંધાયેલ અનુદાનિત(ગ્રાન્ટ-ઈન-એઈડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શાળાઓએ વિદ્યાર્થીઓ પાસેથી પ્રતિમાસ ફી ના રૂા ૫૦/- ના બદલે રૂા-૧૨૫/- પ્રતિમાસ ફી લેવાનું સર્વાનુમતે
ઠરાવવામાં આવેલ છે તેમજ તેનો અમલ ઓક્ટોબર-૨૦૨૩ના માસથી કરવાનું ઠરાવેલ છે. જે અન્વયે રાજ્યની
તમામ બિનસરકારી અનુદાનિત(ગ્રાન્ટ-ઈન-એઈડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ ઓક્ટોબર-
૨૦૨૩થી કમ્પ્યુટર અધ્યયન વિષય માટે પ્રતિમાસ રૂા-૧૨૫/- 'ફી' લેવાની રહેશે તેમજ તે અંગેની પહોંચ
વિદ્યાર્થીને/વાલીને આપવાની રહેશે. આપના તાબા હેઠળની તમામ બિનસરકારી અનુદાનિત (ગ્રાન્ટ-ઈન-એઈડ)
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ અંગે જાણ કરશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:
માન.અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર